Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાંકીય નીતિના વલણોનો વિશ્લેષણાત્મક અભ્યાસ (જાન્યુઆરી, 2020 – મે, 2021 ): પરિમાણાત્મક સાધનોના સંદર્ભમાં

રાઠોડ રાજુભાઈ મોહનભાઈ
**M. A.**
અર્થશાસ્ત્ર ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ.

### ❖ સારાંશ :

પ્રસ્તુત સંશોધન પેપરમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાંકીય નીતિનો અભ્યાસ કરવામાં આવેલ છે. આ અભ્યાસમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાંકીય નીતિના વલણોમાં જાન્યુઆરી 2020 થી મે 2021 સુધીના સમયગાળાનો અભ્યાસ કરવામાં આવેલ છે. આ અભ્યાસમાં ખાસ કરીને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાંકીય નીતિના પરિમાણાત્મક સાધનો જેવા કે BANK RATE, REPO RATE, REVERSE REPO RATE, MARGINAL STANDING FECILITY RATE, CASH RESERVE RATIO, STATUTORY LIQUIDITY RATIO પર વિશેષ ધ્યાન આપવામાં આવેલ છે

### ❖ મહત્વના શબ્દો :

BANK RATE, REPO RATE, REVERSE REPO RATE, MARGINAL STANDING FECILITY RATE, CASH RESERVE RATIO, STATUTORY LIQUIDITY RATIO

### ❖ પ્રસ્તાવના

અર્થશાસ્ત્રના સિદ્ધાંત મુજબ નાણાંકીય નીતિ એટલે અર્થતંત્રમાં નાણાંની માંગ અને નાણાંના પુરવઠાનું સંચાલન અને નિયંત્રણ કરવા અંગેની નીતિ. નાણાંની માગ અને પુરવઠામાં અસમતુલા હોય તો અર્થતંત્રમાં ફુગાવો કે મંદી સર્જાય છે. આંતરરાષ્ટ્રીય બજારમાં નાણાંના મૂલ્યને અસર પહોંચે છે તથા અર્થતંત્રમાં અસ્થિરતા આવે છે માટે નાણાંની માગ અને પુરવઠાનું સંચાલન અત્યંત જરૂરી છે અને આથી નાણાંકીય નીતિને સ્થિરતા લાવવા માટેની નીતિ (Stabilization policy) તરીકે પણ ઓળખવામાં આવે છે. ભારતમાં શરૂઆતના વર્ષોમાં નાણાંકીય નીતિનો હેતુ નાણાંનું પ્રમાણ, મૂલ્ય અને સ્વરૂપને નિયંત્રિત કરવાનો હતો. હાલના સમયમાં નાણાંકીય નીતિનો ઉપયોગ શાખસર્જન માટે થાય છે.

**" દેશમાં આર્થિક વિકાસની પ્રક્રિયાને ધ્યાનમાં રાખીને પ્રજાનું હિત જાળવવા આર્થિક સ્થિરતા માટે સર્વોચ્ચ બેન્ક દ્વારા નાણાંનો પુરવઠો અંકુશિત કરવા અંગેની નીતિ એટલે નાણાકીય નીતિ."**

**( ધોરણ - 12ના અર્થશાસ્ત્રના પાઠ્યપુસ્તકમાંથી )**

**" ટૂંકમાં નાણાંના પુરવઠામાં વધારો કે ઘટાડો કરવા અંગેની RBIની નીતિ એટલે નાણાંકીય નીતિ."**

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

## ❖ હેતુઓ

1. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાંકીય નીતિના જાન્યુઆરી 2020 થી મે 2021 સુધીના વલણોનો અભ્યાસ કરવો.
2. **રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાંકીય નીતિના વલણો " Up Trends "માં ચાલી રહ્યા છે કે " Down Trends "માં ચાલી રહ્યા છે તેનો અભ્યાસ કરવો.**

## ❖ સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાંકીય નીતિના વલણોના સંદર્ભમા હોવાથી તેની મોટા ભાગની માહિતી આંકડાકીય સ્વરૂપમાં છે અને આ માહિતી રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની ઓફિસિયલ વેબસાઈટ પરથી પ્રાપ્ત થયેલ છે. તેથી આ અભ્યાસ મોટાભાગે વર્ણનાત્મક પદ્ધતિ દ્વારા કરવામાં આવ્યો છે. જેમાં આંકડાકીય માહિતી ભૂતકાળમાં હોવાથી આંશિક રીતે ઐતિહાસિક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે . તે ઉપરાંત રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાંકીય નીતિના વલણોને સારી રીતે સમજવા માટે તુલનાત્મક સંશોધન પદ્ધતિનો ઉપયોગ પણ કરવામાં આવ્યો છે.

### નાણાંકીય નીતિના સાધનો

| **(A) પરિમાણાત્મક સાધનો** | **(B) ગુણાત્મક સાધનો** |
|---|---|
| 1. બેંક રેટ | 1. સલામતીની બાંહેધરી |
| 2. રેપો રેટ | 2. માર્જિનની જરૂરિયાત |
| 3. રિવર્સ રેપો રેટ | 3. ધિરાણની ટોચ મર્યાદા |
| 4. કેશ રિઝર્વ રેશિયો (CRR) | 4. ભેદભાવયુક્ત વ્યાજનાદર |
| 5. સ્ટેચ્યુટરી લિક્વિડીટી રેશિયો (SLR) | 5. અન્ય સાધનો |
| 6. માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટ (MSFR) | - જાહેરાતો |
| 7. ખુલ્લા બજારની નીતિ | - પ્રોત્સાહનો |
| 8. સ્ટરિલાઈઝેશન'ની નીતિ | - સલાહ સૂચનો |

## ❖ પૃથ્થકરણ અને અર્થઘટન

(A)<u>પરિમાણાત્મક સાધનો</u>

1. બેંક રેટ

" <u>RBI</u> વેપારી બેંકોને લાંબાગાળાનું ધિરાણ જે વ્યાજના દરે આપે છે તેને બેન્ક રેટ કહેવામાં આવે છે. "


- ફુગાવામાં બેન્ક રેટ વધારવામાં આવે છે.
- મંદીમાં બેન્ક રેટ ઘટાડવામાં આવે છે.

## ❖ કોષ્ટક અને આલેખ દ્વારા રજૂઆત

| DATE | BANK RATE |
|---|---|
| 03 - 01 - 2020 | 5.40 |
| 07 - 02 - 2020 | 5.40 |
| 27 - 03 - 2020 | 4.65 |
| 03 - 04 - 2020 | 4.65 |
| 22 - 05 - 2020 | 4.25 |
| 05 - 06 - 2020 | 4.25 |
| 03 – 07 - 2020 | 4.25 |
| 07 – 08 - 2020 | 4.25 |
| 04 – 09 - 2020 | 4.25 |
| 02 - 10 - 2020 | 4.25 |
| 06 – 11 - 2020 | 4.25 |
| 04 – 12 - 2020 | 4.25 |
| 01 – 01 - 2021 | 4.25 |

| | |
|---|---|
| 05 – 02 - 2021 | 4.25 |
| 05 – 03 - 2021 | 4.25 |
| 02 – 04 - 2021 | 4.25 |
| 04 – 05 - 2021 | 4.25 |

સ્રોત:www.rbi.org.com




સ્રોત:www.rbi.org.com

## ❖ કોષ્ટક અને આલેખની સમજૂતી

- ઉપરોક્ત કોષ્ટક અને આલેખમાં જાન્યુઆરી 2020 થી મે 2021 સુધીના બેંક રેટની આંકડાકીય માહિતી આપવામાં આવેલ છે.
- જાન્યુઆરી 2020માં બેન્ક રેટ 5.40 % હતો તે ઘટીને માર્ચ 2020માં 4.65 % થયો હતો.
- બેંક રેટ ઘટીને મે 2020 ના રોજ 4.25 % થયો હતો.

VIDHYAYANA

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

- હાલમાં બેન્ક રેટ ( જૂન 2021માં ) 4.25 % યથાવત છે.
- ઉપરોક્ત માહિતી ઉપરથી એમ કહી શકાય કે જાન્યુઆરી 2020 થી મે 2020 સુધીમાં બેન્ક રેટમાં સતત ઘટાડો થયેલો જોવા મળે છે.
- પરંતુ મે 2020 થી મે 2021 સુધી બેંક રેટ સ્થિર રહેવા પામ્યો છે. ( એટલે કે બેંક રેટ છેલ્લા એક વર્ષથી સ્થિર રહેવા પામ્યો છે. )

**2.** રેપો રેટ

" RBI વેપારી બેન્કોને ટૂંકા ગાળાનું ધિરાણ જે વ્યાજના દરે આપે છે તેને રેપો રેટ કહે છે. "


ટૂંકા ગાળાનું ધિરાણ ( 1 દિવસ, 7 દિવસ, 15 દિવસ )

❖ કોષ્ટક અને આલેખ દ્વારા રજૂઆત

| DATE | REPO RATE |
|---|---|
| 03 - 01 - 2020 | 5.15 |
| 07 - 02 - 2020 | 5.15 |
| 27 - 03 - 2020 | 4.40 |
| 03 - 04 - 2020 | 4.40 |
| 22 - 05 - 2020 | 4.00 |
| 05 - 06 - 2020 | 4.00 |
| 03 – 07 - 2020 | 4.00 |
| 07 – 08 - 2020 | 4.00 |
| 04 – 09 - 2020 | 4.00 |
| 02 - 10 - 2020 | 4.00 |
| 06 – 11 - 2020 | 4.00 |
| 04 – 12 - 2020 | 4.00 |
| 01 – 01 - 2021 | 4.00 |
| 05 – 02 - 2021 | 4.00 |

| | |
|---|---|
| 05 – 03 - 2021 | 4.00 |
| 02 – 04 - 2021 | 4.00 |
| 04 – 05 - 2021 | 4.00 |

સ્ત્રોત:www.rbi.org.com




સ્ત્રોત:www.rbi.org.com

## ❖ કોષ્ટક અને આલેખની સમજૂતી

- ઉપરોક્ત કોષ્ટક અને આલેખમાં જાન્યુઆરી 2020 થી મે 2021 સુધીના રેપો રેટની આંકડાકીય માહિતી આપવામાં આવેલ છે.
- જાન્યુઆરી 2020માં રેપો રેટ 5.15 % હતો તે ઘટીને માર્ચ 2020માં 4.40 % થયો હતો.
- રેપો રેટ ઘટીને મે 2020 ના રોજ 4.00 % થયેલ હતો.
- હાલમાં રેપો રેટ ( જૂન 2021માં ) 4.00 % યથાવત છે.

- ઉપરોક્ત માહિતી ઉપરથી એમ કહી શકાય કે જાન્યુઆરી 2020 થી મે 2020 સુધીમાં રેપો રેટમાં 2 વખત ઘટાડો થયેલો જોવા મળે છે.
- પરંતુ મે 2020 થી મે 2021 સુધી રેપો રેટ સ્થિર રહેવા પામ્યો છે. ( એટલે કે છેલ્લા એક વર્ષથી રેપો રેટ સ્થિર રહેવા પામ્યો છે. )


**3.** રિવર્સ રેપો રેટ

" **વેપારી બેંકો** RBIને ટૂંકા ગાળાનું ધિરાણ જે વ્યાજના દરે આપે છે તેને રિવર્સ રેપો રેટ કહેવામાં આવે છે. "

**❖ કોષ્ટક અને આલેખ દ્વારા રજૂઆત**

| DATE | REVERSE REPO RATE |
|---|---|
| 03 - 01 - 2020 | 4.90 |
| 07 - 02 - 2020 | 4.90 |
| 27 - 03 - 2020 | 4.00 |
| 17 - 04 - 2020 | 3.75 |
| 22 - 05 - 2020 | 3.35 |
| 05 - 06 - 2020 | 3.35 |
| 03 – 07 - 2020 | 3.35 |
| 07 – 08 - 2020 | 3.35 |
| 04 – 09 - 2020 | 3.35 |
| 02 - 10 - 2020 | 3.35 |
| 06 – 11 - 2020 | 3.35 |
| 04 – 12 - 2020 | 3.35 |
| 01 – 01 - 2021 | 3.35 |
| 05 – 02 - 2021 | 3.35 |
| 05 – 03 - 2021 | 3.35 |
| 02 – 04 - 2021 | 3.35 |
| 04 – 05 - 2021 | 3.35 |

સ્રોત:**www.rbi.org.com**




સ્રોત:**www.rbi.org.com**

## ❖ કોષ્ટક અને આલેખની સમજૂતી

- ઉપરોક્ત કોષ્ટક અને આલેખમાં જાન્યુઆરી 2020 થી મે 2021 સુધીના રિવર્સ રેપો રેટની આંકડાકીય માહિતી આપવામાં આવેલ છે.
- જાન્યુઆરી 2020માં રિવર્સ રેપો રેટ 4.90 % હતો, તે માર્ચમાં ઘટીને 4.00 % થયો , તે ઘટીને એપ્રિલ 2020માં 3.75 % થયો હતો.
- રિવર્સ રેપો રેટ ઘટીને મે 2020 ના રોજ 3.35 % થયેલ હતો.
- હાલમાં રિવર્સ રેપો રેટ ( જૂન 2021માં ) 3.35 % યથાવત છે.
- ઉપરોક્ત માહિતી ઉપરથી એમ કહી શકાય કે જાન્યુઆરી 2020 થી મે 2020 સુધીમાં રિવર્સ રેપો રેટમાં 3 વખત ઘટાડો થયેલો જોવા મળે છે.
- પરંતુ મે 2020 થી મે 2021 સુધી રિવર્સ રેપો રેટ સ્થિર રહેવા પામ્યો છે. ( એટલે કે છેલ્લા એક વર્ષથી

રિવર્સ રેપો રેટ સ્થિર રહેવા પામ્યો છે.)

**4. કેશ રિઝર્વ રેશિયો**

**" RBIની 1934ની ધારા મુજબ દરેક વેપારી બેંકોએ પોતાની થાપણોના અમુક ટકા જેટલી રકમ RBI પાસે રોકડ અનામત તરીકે રાખવાની હોય છે. "**

શરૂઆતના વર્ષોમાં આ પ્રમાણ

ચાલુ ખાતાની થાપણોના **5 %**


લાંબાગાળાની થાપણોના **2 %**

1962 પછી કુલ થાપણોના **3** % **થી** 15 % વચ્ચે CRR રાખવામાં આવે છે. RBI જરૂરિયાત મુજબ CRR બદલે છે.

## ❖ કોષ્ટક અને આલેખ દ્વારા રજૂઆત

| DATE | CASH RESERVE RATIO |
|---|---|
| 03 - 01 - 2020 | 4.00 |
| 07 - 02 - 2020 | 4.00 |
| 06 - 03 - 2020 | 4.00 |
| 03 - 04 - 2020 | 3.00 |
| 01 - 05 - 2020 | 3.00 |
| 05 - 06 - 2020 | 3.00 |
| 03 – 07 - 2020 | 3.00 |
| 07 – 08 - 2020 | 3.00 |
| 04 – 09 - 2020 | 3.00 |
| 02 - 10 - 2020 | 3.00 |
| 06 – 11 - 2020 | 3.00 |
| 04 – 12 - 2020 | 3.00 |
| 01 – 01 - 2021 | 3.00 |
| 05 – 02 - 2021 | 3.00 |
| 05 – 03 - 2021 | 3.00 |
| 02 – 04 - 2021 | 3.50 |
| 04 – 05 - 2021 | 3.50 |

**સ્રોત:www.rbi.org.com**




સ્ત્રોત:www.rbi.org.com

## ❖ કોષ્ટક અને આલેખની સમજૂતી

- ઉપરોક્ત કોષ્ટકમાં જાન્યુઆરી 2020 થી મે 2021 સુધીના કેશ રિઝર્વ રેશિયોની આંકડાકીય માહિતી આપવામાં આવેલ છે.
- જાન્યુઆરી 2020માં કેશ રિઝર્વ રેશિયો 4.00 % હતો તે એપ્રિલ 2020માં ઘટીને 3 00 % થયો હતો.
- એપ્રિલ 2020 થી માર્ચ 2021 સુધી કેશ રિઝર્વ રેશિયો 3.00 % સ્થિર રહ્યો હતો, પરંતુ તે એપ્રિલ 2021માં વધીને 3.50 % થયો છે.
- હાલમાં કેશ રિઝર્વ રેશિયો ( જૂન 2021માં ) 3.50 % છે.
- ઉપરોક્ત માહિતી ઉપરથી એમ કહી શકાય કે જાન્યુઆરી 2020 થી માર્ચ 2020 સુધી કેશ રિઝર્વ રેશિયો 4.00 % સાથે સ્થિર જોવા મળે છે. ત્યારબાદ એપ્રિલ 2020માં ઘટીને 3.00 % થાય છે અને

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

માર્ચ 2021 સુધી 3.00 % સ્થિર રહે છે ફરી એ એપ્રિલ 2021માં વધીને 3.50 % થાય છે.

5. **સ્ટેચ્યુટરી લિક્વિડીટી રેશિયો**


'બેન્કિગ રેગ્યુલેશન એક્ટ' મુજબ દરેક વેપારી બેન્કે પોતાની કુલ થાપણોના અમુક ટકા જેટલું મૂલ્ય નકદ(રોકડ),સોનુ, સરકારી જામીનગીરીઓ વગેરે સ્વરૂપે રાખવું જરૂરી છે જેને કાયદા માન્ય પ્રવાહીતાનું પ્રમાણ કહેવામાં આવે છે.

❖ **કોષ્ટક અને આલેખ દ્વારા રજૂઆત**

| DATE | STATUTORY LIQUIDITY RATIO |
|---|---|
| 03 - 01 - 2020 | 18.50 |
| 10 - 01 - 2020 | 18.25 |
| 07 - 02 - 2020 | 18.25 |
| 06 - 03 - 2020 | 18.25 |
| 17 - 04 - 2020 | 18.00 |
| 01 - 05 - 2020 | 18.00 |
| 05 - 06 - 2020 | 18.00 |
| 03 – 07 - 2020 | 18.00 |
| 07 – 08 - 2020 | 18.00 |
| 04 – 09 - 2020 | 18.00 |
| 02 - 10 - 2020 | 18.00 |
| 06 – 11 - 2020 | 18.00 |
| 04 – 12 - 2020 | 18.00 |
| 01 – 01 - 2021 | 18.00 |
| 05 – 02 - 2021 | 18.00 |
| 05 – 03 - 2021 | 18.00 |
| 02 – 04 - 2021 | 18.00 |
| 04 – 05 - 2021 | 18.00 |

સ્રોત:www.rbi.org.com

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar




સ્ત્રોત:www.rbi.org.com

## ❖ કોષ્ટક અને આલેખની સમજૂતી

- ઉપરોક્ત કોષ્ટક અને આલેખમાં જાન્યુઆરી 2020 થી મે 2021 સુધીના સ્ટેચ્યુટરી લિક્વિડીટી રેશિયોની આંકડાકીય માહિતી આપવામાં આવેલ છે.
- જાન્યુઆરી 2020માં સ્ટેચ્યુટરી લિક્વિડીટી રેશિયો 18.50 % હતો, જાન્યુઆરી 2020માં જ તે ઘટીને 18.25 % થયો હતો તેમજ તે ઘટીને એપ્રિલ 2020માં 18.00 % થયો હતો.
- હાલમાં સ્ટેચ્યુટરી લિક્વિડીટી રેશિયો ( જૂન 2021માં ) 18.00 % યથાવત છે.
- ઉપરોક્ત માહિતી ઉપરથી એમ કહી શકાય કે જાન્યુઆરી 2020 થી એપ્રિલ 2020 સુધીમાં સ્ટેચ્યુટરી લિક્વિડીટી રેશિયોમાં 2 વખત ઘટાડો થયેલો જોવા મળે છે.
- પરંતુ એપ્રિલ 2020 થી મે 2021 સુધી સ્ટેચ્યુટરી લિક્વિડીટી રેશિયો સ્થિર રહેવા પામ્યો છે.( એટલે કે છેલ્લા એક વર્ષથી સ્ટેચ્યુટરી લિક્વિડીટી રેશિયો સ્થિર રહેવા પામ્યો છે. )

**6. માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટ**

નાણાંની કટોકટીના (અછતના) સમયે વેપારી બેંકો RBI પાસે સરકારી જમીનગીરોઓ મૂકીને નિર્ધારિત દરે ધિરાણ લે છે તેને માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટ તરીકે ઓળખવામાં આવે છે.


- આ દર રેપો રેટ કરતાં વધુ હોય છે.

- **2016** માં આ દર **7** ટકાનો હતો.

## ❖ કોષ્ટક અને આલેખ દ્વારા રજૂઆત

| DATE | MARGINAL STANDING FACILITY RATE |
|---|---|
| 03 - 01 - 2020 | 5.40 |
| 07 - 02 - 2020 | 5.40 |
| 27 - 03 - 2020 | 4.65 |
| 03 - 04 - 2020 | 4.65 |
| 22 - 05 - 2020 | 4.25 |
| 05 - 06 - 2020 | 4.25 |
| 03 – 07 - 2020 | 4.25 |
| 07 – 08 - 2020 | 4.25 |
| 04 – 09 - 2020 | 4.25 |
| 02 - 10 - 2020 | 4.25 |
| 06 – 11 - 2020 | 4.25 |
| 04 – 12 - 2020 | 4.25 |
| 01 – 01 - 2021 | 4.25 |
| 05 – 02 - 2021 | 4.25 |
| 05 – 03 - 2021 | 4.25 |
| 02 – 04 - 2021 | 4.25 |
| 04 – 05 - 2021 | 4.25 |

**સ્રોત:www.rbi.org.com**




**સ્રોત:www.rbi.org.com**

## ❖ કોષ્ટક અને આલેખની સમજૂતી

- ઉપરોક્ત કોષ્ટક અને આલેખમાં જાન્યુઆરી 2020 થી મે 2021 સુધીના માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટની આંકડાકીય માહિતી આપવામાં આવેલ છે.
- જાન્યુઆરી 2020માં માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટ 5.40 % થયો હતો તે ઘટીને માર્ચ 2020માં 4.65 % થયો હતો અને મે 2020માં તે ઘટીને 4.25 % થયો હતો.
- હાલમાં માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટ ( મે 2021માં ) 4.25 યથાવત છે.
- ઉપરોક્ત માહિતી ઉપરથી એમ કહી શકાય કે જાન્યુઆરી 2020 થી મે 2020 સુધી માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટમાં 2 વખત ઘટાડો થયેલો જોવા મળે છે.
- પરંતુ મે 2020 થી મે 2021 સુધી માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટ 4.25 સ્થિર રહેવા પામ્યો છે. ( એટલે કે છેલ્લા એક વર્ષથી રિવર્સ રેપો રેટ સ્થિર રહેવા પામ્યો છે. )

**7. ખુલ્લા બજારની નીતિ**

અર્થતંત્રમાં નાણાંનો પુરવઠો વધારવા કે ઘટાડવા RBI ખુલ્લા બજારમાં સરકારી જામીનગીરીઓનું ખરીદ-વેચાણ કરે છે.

**8. સ્ટરિલાઈઝેશન'ની નીતિ**

"RBI હૂંડિયામણના વધતા કે ઘટતા પ્રમાણના આંચકાઓથી અર્થતંત્રને મુક્ત કરવા માટે સ્ટરિલાઈઝેશન'ની નીતિ અપનાવે છે.

## (B) ગુણાત્મક સાધનો

**1.સલામતીની બાંહેધરી**

બેંકો ધિરાણ લેનાર દરેક વ્યક્તિ પાસે તેમની કોઇ મિલકત જેવી કે **ઘરેણાં,કાર, ઘર, જમીન** વગેરે સલામતીની બાહેધરી પેટે લખાવે છે.

જો કોઇ ગ્રાહક બેંકની શરતો મુજબ ધિરાણની રકમ પાછી ન ચૂકવે તો બેંક આવી સલામતી પેટે રાખેલ વસ્તુ જપ્ત કરે છે.

**2. માર્જિનની જરૂરિયાત**

સલામતીની બાંહેધરી પેટે બતાવેલ મિલકતના અમુક ટકા જ અથવા માંગેલી લોનના અમુક ટકા જ જેટલી રકમનું ધિરાણ એકમને /વ્યક્તિને મળી શકે છે આવી ટકાવારીને ધિરાણનુ માર્જિન કહેવામાં આવે છે.

**3..ધિરાણની ટોચ મર્યાદા**

કોઈ પણ એક વ્યક્તિ કે એકમ માટે ધિરાણની ટોચ મર્યાદા RBI નક્કી કરે છે.

**4..ભેદભાવયુક્ત વ્યાજના દર**

અલગ-અલગ પ્રકારના ધીરાણ માટે અલગ-અલગ વ્યાજના દર રાખવાની પદ્ધતિ RBI સૂચવે છે જેને ભેદભાવયુક્ત વ્યાજના દરની નીતિ કહેવામાં આવે છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

## ❖ તારણો

1. જાન્યુઆરી 2020 થી મે 2021 સુધીમાં RBIના વિવિધ રેટ જેવા કે BANK RATE, REPO RATE, REVERSE REPO RATE, MARGINAL STANDING FECILITY RATE, CASH RESERVE RATIO, STATUTORY LIQUIDITY RATIOમાં સતત ઘટાડો થયેલો જોવા મળે છે.
2. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાંકીય નીતિના વલણો જાન્યુઆરી 2020 થી મે 2021 સુધીમાં " Down Trends "માં ચાલી રહ્યા છે.
3. મે 2020 થી મે 2021 સુધી બેંકના વિવિધ રેટ સ્થિર રહેવા પામ્યા છે.
4. મંદીના સમયમાં રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા બેંકના વિવિધ રેટમાં ઘટાડો કરવામાં આવે છે.

## ❖ ઉપસંહાર

ઉપરોક્ત સંશોધન પેપરમાં આપણે નાણાંકીય નીતિનો અર્થ તેમજ નાણાંકીય નીતિના સાધનોની વિગતવાર ચર્ચા કરી. તેમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાંકીય નીતિનો અભ્યાસ કરવામાં આવેલ છે. આ અભ્યાસમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાંકીય નીતિના વલણો જાન્યુઆરી 2020 થી મે 2021 સુધીના સમયગાળાને ધ્યાનમાં લેવામાં આવેલ છે.આ અભ્યાસમાં ખાસ કરીને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાંકીય નીતિના પરિમાણાત્મક સાધનો પર ખાસ ધ્યાન આપવામાં આવેલ છે. ઉપરોક્ત ચર્ચા પરથી એમ કહી શકાય કે અર્થતંત્રમાં મંદી કે ફુગાવાને અંકુશમાં લાવવા માટે RBI દ્વારા નાણાંકીય નીતિમાં યોગ્ય ફેરફાર કરવામાં આવે છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

## ❖ સંદર્ભ સૂચિ ( Reference )


### ➢ Research Papar

1. Ingal, P. K. (2012), A Study of Impact of RBI Policy Rates on Inflation, Ijrim, Vol.2 (2), February,2012, PP. 978 – 987

### ➢ Books

1. Patel, S.G.(1993), Adhunik Banking, University Grantha Nirman Bourd, Gujrat Rajya, Ahemadabad
2. Joshi, M.V. et al., Bharatiya Arthik Niti, Creative Prakashan ,Veraval
3. Vajani, D.R. (2011-12), Nanu Ane Nanakiya Vyavastha, Saurastra University, Rajkot
4. PATEL, R. S. (2017), Method of Research, Jay, Publication, Ahemadabad, ISBN: 978-81-926052- 9-6
5. Desai,H.G. and Desai, K. G. (2010), Research Methods and Techniques, University Grantha Nirman Bourd, Gujrat Rajya, Ahemadabad
6. Desai, A. N. (1997), Research Methods In Social Science, University Grantha Nirman Bourd, Gujrat Rajya, Ahemadabad
7. Dantani, K. K. And Diwan, R. K. (2019), Shikshan Ane Abhiyogyata, Akshar Publication, Ahemadabad,ISBN:978-81-927312-4-7
8. Mandaviya,J.M. et Al., (2013), Introduction to Social Research, C. Jamanadas Company, Ahemadabad, ISBN:978-93-82027-84-3
9. Bhat, K. et al., (2020), Std 12 Arthshastra, Gujrat Rajya shala Pathyapustak Mandal, Gandhinagar

### ➢ Dissertation

1. Gajera, J. K. (2010), An Evaluation of Monetary policy of R.B.I. In The Post Reforms Era, Saurastra University, RajKot

### ➢ THIESIES

1. Pal, A. (1968), Monetary Policy of The Reserve Bank of India In The Context of Planned Economic Development of The Country, Calcutta University, Culcutta

2. Maurya, S.D. (1969), Credit Control Policy of Reserve Bank of India, Kanpur University, Kanpur

3. Ambiga Devi, P. (1991), Monetary Policy In A Planned Economy (With Special Reference To India), Bharathiar University, Coimbatore

4. Singh, S. K. (2002), Reserve Bank of India Ke Maudreek Neeti Ki Bharat Ke Audhyogik Vitt Me Bhumika, Mahatma Gandhi Kashi Vidhyapith, Varanashi

5. Qayed, S.H. (2004), Role of Central Bank In Monetary Management of A Country With Special Reference To Reserve Bank of India, Aligarh Muslim University, Aligarh

6. Garg, K. (2005), Bhartiya Reserve Bank Ki Maudrik Niti Ki Uddeshyaparakta ka Adhyyan, Chou.CharanShingh Vishvavidhyalaya, Merath

7. Haque, A. (2007), Effects of Monetary Policy on Economic Growth In India Since 1991, Aligarh Muslim University, Aligarh

8. Bindra, J. K. (2013), A Critical Study of Financial Inclusion Policy of Reserve Bank of India And Its Practice By Indian Banks (With Special Reference To Rural And Semi-Urban Areas), C. S. J. M. University, Kanpur

## ➢ Websites

1. www.rbi.org.in
2. www.timesofindia.com
3. www.moneycontrol.com
4. www.tax-india.in
5. www.paisabazaar.com
6. www.data.oecd.org
7. www.bankbazaar.com
8. www.shodhganga.inflibnet.ac.in